Extra No. 43

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **SATURDAY, JANUARY 17, 2026 / PAUSHA 27, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખઃ ૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કે/એસએચ/૪૯/૨૦૨૫/એમઆઈએસસી/ઈ-ફાઈલ/૩/૨૦૨૪/૪૫૬૫/સીએચ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Bombay Primary Education Rules, 1949.

મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ સુધારવા સંબંધી

જાહેરનામું

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, પમી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક: કે/એસએચ/૨૦૨૫/ઈડી/એમઆઈએસસી/ઈ-ફાઈલ/૩/૨૦૨૪/૪૫૬૫/સીએચ:- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઈના ૬૧મા)ની કલમ ૬૩ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવાનું અને તેની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઈના ૬૧મા)ની કલમ ૬૩ની પેટા-કલમો (૧) અને (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯માં, અનુસૂચિ - છમાં,-

(૧) અનુક્રમાંક ૧ પરની શરતમાં, -

(ક) ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૨) (ક) ગ્રાન્ટ-ઈન-એઈડ(સહાયક અનુદાન મેળવતી) ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની ભરતી માટે રાજ્ય સ્તરે એક પસંદગી સમિતિ રહેશે, જેમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે:-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામક - અધ્યક્ષ

(૨) નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવ (પ્રાથમિક શિક્ષણ) - સભ્ય

(૩) ભરતી પ્રક્રિયા સંભાળતા - પ્રાથમિક શિક્ષણના ડેપ્યુટી ડિરેક્ટર (નાયબ નિયામક), ગુજરાત રાજ્ય-સભ્ય-સચિવ

(૪) સરકાર માન્ય શિક્ષકોના સંઘના એક પ્રતિનિધિ - સભ્ય

(૫) ગ્રાન્ટેડ (અનુદાન મેળવતી) પ્રાથમિક શાળાના સંચાલક મંડળ(ગવર્નિંગ બોડી)ના એક પ્રતિનિધિ - સભ્ય

(ખ) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિની ભલામણ મુજબ ટ્રસ્ટ અથવા સોસાયટી (મંડળી)નું સંચાલક મંડળ (ગવર્નિંગ બોડી) નિમણૂક કરશે.

(ગ) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ ગ્રાન્ટ-ઈન-એઈડ(સહાયક અનુદાન મેળવતી) ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની ભરતી માટે નીચેની કાર્યરીતિ અનુસરવાની રહેશે:-

(૧) જિલ્લામાં ગ્રાન્ટ-ઈન-એઈડ(સહાયક અનુદાન મેળવતી) ખાનગી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલી જગાઓમાંથી, જિલ્લા શિક્ષણ અધિકારી પાસેથી ખાલી જગાઓ માટેનું રિક્વિઝિશન ફોર્મ (માગણી પત્રક) ફરજિયાતપણે મેળવવાનું રહેશે.

(૨) આવું રિક્વિઝિશન ફોર્મ (માગણી પત્રક) પ્રાપ્ત થયા પછી, રાજ્યમાં વ્યાપક ફેલાવો ધરાવતા અખબારમાં જાહેરાત પ્રસિદ્ધ કરીને અરજીઓ મંગાવવાની રહેશે.

(૩) મળેલી અરજીઓની ખરાઈ કર્યા પછી, રાજ્યમાંની સરકારી પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની નિમણૂક માટે ઠરાવેલી કાર્યરીતિ અનુસાર ગ્રાન્ટ-ઈન-એઈડ (સહાયક અનુદાન મેળવતી) ખાનગી પ્રાથમિક શાળાઓમાં ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે.

(૪) ઉમેદવારે પસંદ કરેલી શાળા અનુસાર. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ પસંદ થયેલા ઉમેદવારના નામની ભલામણ સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી અને સંબંધિત શાળાના સંચાલક મંડળને કરવાની રહેશે. ભલામણ મળ્યા પછી, સંબંધિત શાળાના સંચાલક મંડળે પસંદ થયેલા ઉમેદવારની નિમણૂક કરવાની રહેશે.”.

(ખ) ખંડ (૩)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(૩) ટ્રસ્ટ અથવા સોસાયટીનું સંચાલક મંડળ, ઉમેદવારની નિમણૂકના હુકમોની નકલો, શાળાના રેકર્ડમાં, દરેક કર્મચારીને, જે કામચલાઉ અથવા પ્રોબેશન (અજમાયશ) ઉપર અથવા કાયમી જગા ઉપર નિમાયેલ હોય, (તેની) નિમણૂકનો સ્પષ્ટ હુકમ રાખશે, જેમાં તેના રોજગારને લાગુ પડતી શરતોની નકલો હશે અને તે કર્મચારી પાસે રહેશે. નિમણૂકના હુકમમાં નિમણૂક કામચલાઉ, પ્રોબેશન (અજમાયશ) કે કાયમી છે તે તેમજ પગાર ધોરણ સ્પષ્ટપણે જણાવવાનું રહેશે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિના પોતાને યોગ્ય લાગે તેવી વહીવટી સુવિધા માટે ભલામણો કરી શકશે જે ટ્રસ્ટ અથવા સોસાયટીના સંચાલક મંડળને બંધનકર્તા રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. વી. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.04 10:42:52 IST